# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-05-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. અમદાવાદના ચંડોળા તળાવના ગેરકાયદેસર દબાણ મુદ્દે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં બેઠક- મુખ્ય આરોપી લલ્લા બિહારી રાજસ્થાનથી ઝડપાયો
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરામાં એક હજાર 156 કરોડના 86 વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા
3. એરંડાના વાવેતર, ઉત્પાદન અને ઉત્પાદકતામાં ફરી એકવાર ગુજરાત સમગ્ર વિશ્વમાં પ્રથમ ક્રમે રહ્યું
4. આવતીકાલથી 8 મે સુધી રાજ્યમાં પવન સાથે માવઠાની આગાહી
5. પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરના 75મા સ્થાપના દિવસની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઇ
6. IPLમાં આજે ગુજરાત ટાઈટન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે અમદાવાદમાં મુકાબલો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CHANDOLA DEMOLITION

અમદાવાદના ચંડોળા તળાવ વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો હટાવવાના મુદ્દે આજે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના પોલીસ વડા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે મહત્વની બેઠક યોજી હતી. ગૃહ રાજ્યમંત્રીના કાર્યાલયમાં મળેલી આ બેઠકમાં અમદાવાદ વહીવટી તંત્ર અને પોલીસના અધિકારીઓ વિડિયો કોન્ફરન્સિંગથી જોડાયા હતા.

દરમિયાન, ચંડોળા તળાવમાં ગેરકાયદેસર બાંધકામ કરનાર મુખ્ય આરોપી લલ્લા બિહારીને અમદાવાદ ગુના શાખાએ રાજસ્થાનથી ઝડપી પાડ્યો છે. આ અંગે DCP અજીત રાજિયાને વધુ માહિતી આપી.

(બાઈટ: અજીત રાજીયાન, DCP)

. . . . . . . . . . . .

# CM VADODARA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેશની આઝાદીની શતાબ્દી સુધીના કર્તવ્યકાળમાં ગુજરાતને સર્વાંગી વિકાસમાં અગ્રેસર બનાવવાની નેમ વ્યક્ત કરી છે. વડોદરામાં એક હજાર 156 કરોડના 86 વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે, શ્રી પટેલે જણાવ્યું કે સરકારે વર્ષ

2025થી 2035ના દાયકાને ઉત્કર્ષ ગુજરાત હીરક જયંતી મહોત્સવ તરીકે ઉજવવાનો રોડ મેપ તૈયાર કર્યો છે. તેમણે જણાવ્યું કે સી-295 એરક્રાફ્ટ ઉત્પાદનથી વડોદરા શહેર વિશ્વના વિમાન ઉત્પાદન ક્ષેત્રે વૈશ્વિક નકશા ઉપર અંકિત થયું છે.

(બાઈટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

. . . . . . . . . . . .

# CM-DHOLERA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધોલેરા SIRના વિકાસના કામોની પ્રગતિની સ્થળ પર સમીક્ષા કરી. તેમણે મુખ્ય સચિવ અને મુખ્ય સલાહકાર સહિતના વરિષ્ઠ સચિવો સાથે ધોલેરાના વિવિધ પ્રોજેક્ટસની માહિતી મેળવી હતી.

ઉલ્લેખનીય છે કે અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વેની 95 ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે ભીમનાથ-ધોલેરા ફ્રેઈટ રેલવેલાઈન સહિત હોસ્પિટલ-સ્કૂલ-ફાયર સ્ટેશન-આવાસીય સુવિધાના કામો પ્રગતિમાં છે.

. . . . . . . . . . . .

# CASTOR PRODUCTION

એરંડાના વાવેતર વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતામાં ફરી એકવાર ગુજરાત સમગ્ર વિશ્વમાં પ્રથમ ક્રમે રહ્યું છે. વર્ષ 2024-25 દરમિયાન કુલ 6 લાખ 46 હજાર હેક્ટર વિસ્તારમાં એરંડાના વાવેતર સાથે ગુજરાતે સતત ચાર દાયકાથી દેશમાં પ્રથમ રહેવાના અનુક્રમને આ વર્ષે પણ જાળવી રાખ્યો છે. સાંભળીએ એક અહેવાલ.

વોઇસ કાસ્ટ: ANIL PATEL

*(વૈશ્વિક એરંડા બજારમાં ગુજરાતની સર્વોપરિતા યથાવત રહી છે. દેશના કુલ એરંડા ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો 81 ટકાથી વધુનો છે. જ્યારે ભારતમાં વૈશ્વિક માંગના 90 ટકા જેટલા એરંડાનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે. રાજ્યના મહેસાણા જિલ્લાનો કડી વિસ્તાર સમગ્ર વિશ્વમાં એરંડાની સૌથી વધુ ઉત્પાદકતા ધરાવતો વિસ્તાર છે. વર્ષ 2003માં રાજ્યનું એરંડા ઉત્પાદન 5 લાખ 41 હજાર મેટ્રિક ટન હતું, જે વર્ષ 2024માં આશરે ત્રણ ગણા વધારા સાથે 15 લાખ 95 હજાર મેટ્રિક ટન થયું છે. એરંડાની ઉત્પાદકતા પણ વર્ષ 2003માં એક હજાર 864 કિલોગ્રામ પ્રતિ હેક્ટર હતી, જે વધીને વર્ષ 2024માં બે હજાર 200 ક કિલોગ્રામ પ્રતિ હેક્ટર થઇ છે.)*

. . . . . . . . . . . .

# AJMER AAG

રાજસ્થાનના અજમેરની એક હોટલમાં લાગેલી આગમાં અમરેલીના દંપતી અને તેમના પુત્ર સહિત ચાર લોકોના મોત થયા છે. જ્યારે ચાર લોકો દાઝી ગયા છે. તેમની હાલત ગંભીર હોવાના અહેવાલ પ્રાપ્તથયા છે. માત્ર 30 મિનિટમાં જ આગ આખી હોટલમાં ફેલાઈ હતી.

. . . . . . . . . . . .

## MEHSANA ANAAJ

મહેસાણાના વિજાપુર ખાતેથી ગેરકાયદેસર ઘઉં અને ચોખાનો 40 હજાર કિલોથી વધુનો જથ્થો ઝડપાયો છે. બાતમીને આધારે વિજાપુર મામલતદારની ટીમે જૂની આઈટીઆઈમાં આવેલા ગોડાઉનમાંથી અંદાજિત  2 લાખ 86 હજાર રૂપિયાનો 10 હજાર 600 કિલો ઘઉંનો  અને સાડા 11 લાખ રૂપિયાનો 29 હજાર કિલો ચોખાનો  જથ્થો ઝડપ્યો હતો. આ સાથે, ટીમે એક ટ્રક સહિત કુલ 24 લાખથી વધુ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

. . . . . . . . . . . .

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

…………………………………

## WEATHER

રાજયમાં આવતીકાલથી 8 મે સુધી પવન સાથે કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આ દિવસો દરમિયાન મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાશે. આવતીકાલે કચ્છ, બનાસકાંઠા અને સાબરકાંઠામાં છૂટાછવાયા વરસાદની શક્યતા છે.

છેલ્લા 24 કલાક દરમિયાન રાજકોટમાં મહતમ તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદ તેમજ ગાંધીનગરમાં 43 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

. . . . . . . . . . . .

# Somnath Sthapna Divas

આજે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરના 75 મા સ્થાપના દિવસની તીથી અનુસાર ઉજવણી કરવામાં આવી. સાંભળીએ એક અહેવાલ..

**(VOICECAST-RAJESH BHAJGOTAR, GIRSOMNATH, PTC)**

. . . . . . . . . . . .

# AHMEDABAD AAG

અમદાવાદ શહેરમાં આજે અલગ અલગ આગની બે ઘટના બની હતી. વટવા GIDC વિસ્તારમાં કેમિકલ ફેક્ટરીમાં આગ લાગતા બે લોકોને

ઈજા થતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે વાહનો પણ આગની ઝપેટમાં આવ્યા હતા. ઘટનાને પગલે ફાયરબ્રિગેડની 19 જેટલી ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. સોલવન્ટ અને ઈથાઈલ કેમિકલ હોવાના કારણે આગે વિકરાળ સ્વરુપ ધારણ કર્યું હતું. અન્ય એક ઘટના પ્રહલાદનગર રોડ પર વિનસ એટલાન્ટિસ બિલ્ડીંગ પરિસરમાં બની હતી. જ્યાં પાર્કિંગમાં પાર્ક કરાયેલા વાહનોમાં આગ લાગતા આઠ જેટલા ટુ વ્હીલર બળીને ખાક થયા હતા. ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.

. . . . . . . . . . . .

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ IPLમાં આજે ગુજરાત ટાઈટન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચ રમાશે.

સનરાઈઝર્સ હૈદરાબાદે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

. . . . . . . . . . . .

# PANCHMAHAL SANMAAN

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યને ગૌરવ અપાવનાર છ મહાનુભાવોને ગુજરાત ગરિમા એવોર્ડ એનાયત કર્યા હતા.

પંચમહાલ જિલ્લાના ગોધરામાં ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત, પંચમહાલ જિલ્લામાં વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર 10 વ્યક્તિઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ પંચમહાલ જિલ્લાના શહેરી તથા ગ્રામીણ વિસ્તારોના વિકાસ માટે કુલ 5 કરોડ રૂપિયાની વિશેષ ગ્રાન્ટ સહાયના ચેક અર્પણ કર્યા હતા. આ સાથે પાવનધરા પંચમહાલ પુસ્તિકા, વિઝન ડોક્યુમેન્ટ્સ @૨૦૪૭ અને ફ્લોરા ઓફ ગુજરાત પુસ્તિકાનું વિમોચન પણ કર્યું હતું.

. . . . . . . . . . . .

# KUTCH MADAK PADARTH

કચ્છની દરિયાઈ સીમામાંથી માદક પદાર્થના 10 પેકેટ મળી આવ્યા છે. અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે કોઠારા પોલીસ સ્ટેશનના ખુઅડા ગામના દરિયાકિનારા પરથી કુટ પેટ્રોલીંગ દરમિયાન બિનવારસુ શંકાસ્પદ માદક પદાર્થનો આ જથ્થો મળ્યો છે. પોલીસે પેકેટ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

. . . . . . . . . . . .

# NARMADA-PARIKARAMA

ગુજરાતમાં દર વર્ષે ફાગણ વદ અમાસથી ચૈત્ર વદ અમાસ સુધી યોજાતી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમામાં આ વર્ષે 9 લાખ 9 હજાર 900 જેટલા શ્રદ્ધાળુઓએ 15 કિલોમીટરની પરિક્રમા કરી હતી.

ગુજરાત સરકાર, યાત્રાધામ બોર્ડ અને નર્મદા જિલ્લા વહીવટી તંત્રની ઉતમ સગવડોથી  ગત વર્ષની સરખામણીએ આ વર્ષે અંદાજે 4 ગણા વધુ લોકોએ પરિક્રમા કરી હતી તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે. પરિક્રમાની સાથે નર્મદા જિલ્લામાં આવેલ ધર્મસ્થળોની પણ  લોકોએ મુલાકાત લીધી, જેના કારણે નર્મદા જિલ્લાની 'ટેમ્પલ ઇકોનૉમી'માં પણ વધારો થયો છે.

. . . . . . . . . . . .